# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) **વિધાનસભામાં અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતના વિભાગ તેમ જ નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ પસાર.**
2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્યના પ્રથમ ગ્લૉબલ કેપેબલિટી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું.**
3) **ભારત સરકારની સ્વદેશ દર્શન યોજના અંતર્ગત દેવભૂમિદ્વારકાના હર્ષદ માતા મંદિર પરિસરનો બે તબક્કામાં વિકાસ કરાશે.**
4) **રાજ્યમાં આગામી 24 કલાક બાદ ગરમીમાં ઘટાડો થવાની આગાહી.**
5) **ગાંધીનગરમાં આજથી ૭૨મી ઓલ ઇન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો પ્રારંભ.**

..............................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA DEMANDS

ગુજરાત વિધાનસભામાં આજે અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતના વિભાગની બે હજાર 76 કરોડ રૂપિયાની અને નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની 17 હજાર 364 કરોડ રૂપિયાથી વધુની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી. આ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું: 'જરૂરિયાતમંદોની ખાદ્ય સલામતી અને પોષણ સુરક્ષા એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

શ્રી બાવળિયાએ કહ્યું: 'સ્માર્ટ જાહેર વિતરણ વ્યવસ્થા- PDS યોજના દ્વારા તમામ રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશમાં એન્ડ-ટુ-એન્ડ કૉમ્પ્યુટરાઈઝેશન સ્કીમ દ્વારા લવાયેલી ટેક્નોલૉજી આધારિત, સુધારા કરીને જાહેર વિતરણ વ્યવસ્થામાં નવા સુધારાઓ કરાશે.

બીજી તરફ, શ્રી બાવળિયાએ કહ્યું: 'સૌરાષ્ટ્રના 115 જળાશયો જોડવા માટેની સૌની યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી પૂર્ણતાના આરે છે. આ કામ પૂર્ણ થતાં આઠ હજાર 25 હજાર એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદ્રઢ બનશે. તેમ જ સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની સમસ્યાનું નિવારણ આવશે. પાણી સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ગ્રામ પંચાયત દ્વારા 1916 હેલ્પલાઈન નંબર કાર્યરત્ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

# VIDHANSABHA OVERALL

વિધાનસભામાં આજે વિવિધ મંત્રીઓએ અનેક પ્રશ્નોના જવાબ રજૂ કર્યા.

વિધાનસભામાં એક પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું: ‘રાજ્ય પોલીસે ગત અઢી વર્ષમાં વિવિધ રાજ્યમાં જઈ 30થી વધુ દરોડા પાડીને માદકપદાર્થના મોટા જથ્થા પકડ્યા છે. ઉપરાંત ભરૂચ અને સુરતમાં 2 વર્ષમાં માદકપદાર્થ સાથે 397 આરોપીની ધરપકડ થઈ છે.’ જ્યારે 100 જેટલા આરોપીની ધરપકડ માટેની કામગીરી ચાલી રહી હોવાનું શ્રી સંઘવીએ ઉમેર્યું.

રાજ્યમાં ભૂગર્ભ ગટર યોજના અને શહેરી વિકાસ યોજના અંગે વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વતી જવાબ આપતાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું: ‘અમૃત મિશન બીજા તબક્કા અંતર્ગત વર્ષ 2021થી અત્યાર સુધીમાં 17 હજાર 717 કરોડ રૂપિયાના કામ કરાયા.

રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની ભરેલી જગ્યાઓ અંગે વિધાનસભામાં પંચાયત રાજ્યમંત્રી બચુભાઈ ખાબડે કહ્યું: ‘રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની 43 જેટલી ખાલી જગ્યાઓ પૈકી આઠ જગ્યા પર ટૂંક સમયમાં નિમણૂક કરાશે.

માર્ગ અને મકાન વિભાગના એક પ્રશ્નનો જવાબ આપતા રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું: ‘અમદાવાદના ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- APMC વિશાલા ચોકડીથી સરખેજ ચોકડી સુધી ઑવરબ્રિજ બનાવવાની કામગીરી માટે એક હજાર 295 કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરવામાં આવી છે. આ બ્રિજ વર્ષ 2027 સુધીમાં તૈયાર કરાશે.’

# CM INFINEON INAUGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં રાજ્યના પ્રથમ ગ્લૉબલ કેપેબલિટી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. તેમણે કહ્યું: ‘રાજ્ય સરકારે ગ્લૉબલ કેપેબલિટી સેન્ટર પૉલિસી 2025-30ની જાહેરાતના એક જ મહિનામાં ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ઇન્ફિનિયન ટેક્નોલૉજી ઇન્ડિયાના આ સૅન્ટરનો પ્રારંભ થયો છે.

શ્રી પટેલે ઉમેર્યું, આ સેન્ટર કાર્યરત્ થતાં ગુજરાત દેશ અને વિશ્વને સેમિ-કન્ડક્ટર ક્ષેત્રે ઉકેલ આપવા માટે વધુ સક્ષમ બનશે. આગામી સમયમાં નવી ટેક્નોલૉજી અને નવીનતા રાજ્યના અર્થતંત્રની કરોડરજ્જૂ સાબિત થશે.

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે ઈન્ફિનિયન ટૅક્નોલૉજી અને ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન- IIT ગાંધીનગર વચ્ચે ઔદ્યોગિક સંશોધન, ટેક્નોલૉજી વિકાસ, નવીનતા અને નિપુણતા વિકાસમાં સહયોગ માટેના સમજૂતી કરાર- MoU કરાયા હતા.

# REV CM VADNAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું: 'કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, તાના-રિરિ પાર્ક, બુદ્ધિસ્ટ મૉનેસ્ટ્રી,થીમ પાર્ક જેવા વારસાના કારણે વડનગર દેશ-વિદેશના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.' મહેસાણામાં વડનગરના પૌરાણિક હાટકેશ્વર મંદિરમાં આયોજિત ત્રણ દિવસના મહોત્સવમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. રાજ્યના મહત્વના તીર્થસ્થાનોમાં ગણાતા આ હાટકેશ્વર મહાદેવ મંદિરનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ અજોડ હોવાનું શ્રી પટેલે ઉમેર્યું હતું.

શ્રી પટેલે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા 5 કરોડ 53 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા લાઈટ એન્ડ સાઉન્ડ શૉ, સુવર્ણ શિખર અને ધ્વજારોહણ તથા નવી નિર્માણ થયેલી યજ્ઞશાળાનું પણ લોકાર્પણ કર્યું. 16 ફૂટ ગોળાઈ અને આઠ ફૂટ ઊંચા સુવર્ણ શિખરમાં એક કિલો 400 ગ્રામ સોનાનો ઉપયોગ કરાયો છે. હાટકેશ્વર મંદિર લાઈટ એન્ડ સાઉન્ડ શૉ સુવિધા ધરાવતું રાજ્યનું સાતમું યાત્રા પ્રવાસનધામ બન્યું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# CM VADNAGAR SAMIKSHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વડનગરની વિવિધ વિકાસ પરિયોજનાઓની કામગીરીની સમીક્ષા કરી. મહેસાણાના વડનગરમાં ઉચ્ચ સ્તરની બેઠકમાં વડનગર, મોઢેરા સર્કિટ સ્વદેશ દર્શન યોજના અંતર્ગત વિકસાવવા અંગે, હેરિટેજ વિસ્તારના વિકાસ કામ, પ્રેરણા શાળા પરિસર, રેલવેમથક વિકાસ અને પરિવહન કેન્દ્ર કીર્તિતોરણ સહિતના વડનગરના દર્શનીય અને પુરાતત્વીય સ્થળના વિકાસની કામગીરીનું વિસ્તૃત પ્રેઝન્ટેશન શ્રી પટેલ સમક્ષ રજૂ કરાયું હતું.

પ્રવાસન વિભાગ દ્વારા 16 જેટલી પરિયોજના પૂર્ણ થઈ અને છ પ્રગતિમાં છે તેમ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

# NARMADA UTTARVAHINI PARIKRAMA

નર્મદા જિલ્લામાં 29 માર્ચથી શરૂ થનારી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા આયોજન અંગે આજે જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીએ સમીક્ષા બેઠક યોજી હતી.

શ્રી મોદીએ 15 થી 17 લાખ પદયાત્રીઓ જોડાવાની શક્યતાને પગલે તંત્ર ખડેપગે હોવાનું જણાવ્યું હતું.

(બાઇટ: એસ.કે.મોદી, નર્મદા જિલ્લા કલેક્ટર)

# DWARKA MANDIR KHATMUHURT

પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરાએ કહ્યું: 'ભારત સરકારની સ્વદેશ દર્શન યોજના અંતર્ગત દેવભૂમિદ્વારકાના હર્ષદ માતા મંદિર પરિસરનો બે તબક્કામાં વિકાસ કરાશે. આ માટે 25 કરોડ રૂપિયાની ફાળવાયા છે.' કલ્યાણપુરના ગાંધવી હર્ષદ ખાતે આઠ કરોડથી વધુના ખર્ચે 'હર્ષદ માતા મંદિર પરિસર'ના વિકાસકામના પહેલા તબક્કાનું ખાતમુહૂર્ત કરતાં શ્રી બેરાએ આ મુજબ જણાવ્યું. રાજ્ય સરકાર દ્વારા વધુને વધુ પ્રવાસીઓ આપણા રાજ્યમાં આવે તેવું આયોજન થઈ રહ્યું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર મંદિર પરિસરના વિકાસ માટે પહેલા તબક્કા અંતર્ગત ટૅક્સી, કાર અને દ્વિચક્રી વાહન માટે પાર્કિંગ, શૌચાલયની વ્યવસ્થા, રાહદારીઓની શેરી, નાના બાળકો માટે રમવા માટેનો વિસ્તાર અને વડીલોને બેસવાની વ્યવસ્થા સહિત અન્ય સુવિધાઓ વિકસાવાશે.

# ARVALLI GAS LEAKAGE

અરવલ્લી જિલ્લામાં ગેસ લિકેજની ઘટનાનાં પગલા દાખલ કરાયેલા દર્દીઓની આજે  રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારે મુલાકાત લીધી.

અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે, ધનસુરા-બાયડ રાજમાર્ગ પર આવેલા કોલ્ડ સ્ટોરેજમાં એમોનિયા ગેસ લિકેજ થતાં લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી હતી. જોકે, અગ્નિશમન દળની ટુકડીએ ગેસનો વાલ્વ બંધ કરી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

# KUTCHH SHAURY YATRA

આસામ રાઇફલ્સ આયોજિત મોટરસાઇકલ રેલી 'શૌર્ય યાત્રા'નું કચ્છના રણ ખાતે આજે સમાપન થયું. અરુણાચલ પ્રદેશના વિજયનગરથી શરૂ થયેલી આ રેલી નવ રાજ્યમાંથી પસાર થઈ હતી. સાંભળીએ કચ્છના અમારાં પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીનો અહેવાલ..

(બાઇટ: હેમાંગ પટ્ટણી)

# WEATHER

રાજ્યમાં આગામી 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરવામાં આવી. દરમ્યાન અમદાવાદમાં મહત્તમ તાપમાન 40 અને ગાંધીનગરમાં 39 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું

(બાઇટ : રામાશ્રય યાદવ, હવામાન વિભાગ વૈજ્ઞાનિક)

ઉપરાંત રાજ્યના દરિયાઈ વિસ્તારને અડીને આવેલા જિલ્લાઓમાં આગામી બે દિવસ ઉકળાટ તેમ જ બફારાની સ્થિતિ જોવા મળશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WORLD T . B . DAY – PTC - 1

રાજ્યભરમાં આજે વી કેન એન્ડ ટીબી –કમિટ, ઇન્વેસ્ટ, ડિલિવરની વિષયવસ્તુ સાથે વિશ્વ ક્ષય દિવસ મનાવવામાં આવ્યો.

રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સિવિલ હોસ્પિટલના ક્ષયના દર્દીઓને પોષણ કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો.

નર્મદા જિલ્લા ક્ષય કેન્દ્ર, દ્વારા જુની સિવિલ હોસ્પિટલ કેમ્પસથી રાજપીપલા સુધી જન જાગૃતિ રેલીનું આયોજન કરાયું. ઉલ્લેખનીય છે કે, જિલ્લાની 44 ગ્રામ પંચાયત ક્ષયમુક્ત બની છે.

ડાંગની જનરલ હોસ્પિટલ આહવા ખાતે આહવા, વઘઇ અને સુબીર તાલુકાની કુલ 41 ગ્રામપંચાયતોને “ક્ષયમુક્ત ગ્રામ પંચાયત” કાર્યક્રમ અંતર્ગત કાંસ્ય અને રજત ચંદ્રકથી સન્માનિત કરવામાં આવી. જિલ્લા ક્ષય અધિકારી ડૉ. બીનેશ ગામીતે, ટીબી અંગે લોકજાગૃતિ કેળવાય એ ખુબ જરૂરી હોવાનું જણાવ્યું..

(બાઇટ ડૉ. બીનેશ ગામીત)

જામનગર મહાનગરપાલિકા દ્વારા જનજાગૃતિ રેલી અને ક્ષય રોગ પર નાટક રજૂ કરાયું.

# WORLD T . B . DAY – PTC - 2

સુરત અને વડોદરામાં ક્ષય નાબૂદીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓનું સન્માન કરાયુ. વડોદરા જિલ્લાના કુલ 44 ગામો સંપૂર્ણ રીતે ક્ષય મુક્ત બન્યા છે.

સાબરકાંઠાના હિંમતનગર ખાતે જાગૃતિ રેલી યોજાઇ. ખેડાના નડિયાદમાં જિલ્લાની 57 ગ્રામપંચાયતને ક્ષયમુક્ત ગ્રામપંચાયત તરીકે સન્માનિત કરવામાં આવી.

# ALL INDIA POLICE AQATIC CLUSTER CHAMP

રાજ્યો વચ્ચે એકતાની ભાવનાને પ્રોત્સાહિત કરવા ખેલકૂદનું માધ્યમ ખૂબ જ પ્રભાવશાળી છે. ત્યારે યુનિફોર્મ સર્વિસમાં હંમેશા ખેલકૂદને અગ્રીમ સ્થાન અપાઈ રહ્યું છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ગાંધીનગરથી 72મી ઓલ ઇન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો પ્રારંભ કરાવતાં આ મુજબ જણાવ્યું.

ગાંધીનગરમાં  ભારતીય રમત ગમત સત્તામંડળ ખાતે આયોજિત આ સ્પર્ધામાં વોટર પોલો અને ક્રોસ કન્ટ્રી સહિતની કુલ ચાર રમત સ્પર્ધાઓમાં 27 રાજ્યના 704 રમતવીર ભાગ લેશે.

દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળ તેમજ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનો વચ્ચે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન દર વર્ષે ઓલ ઇન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા કરાય છે. પ્રથમ વાર એક્વેટિક ક્લસ્ટરની સ્પર્ધાઓનું આયોજન રાજ્યમાં કરાયું છે. જેની યજમાની ગુજરાત એકમ કેન્દ્રીય અનામત પોલીસ દળ કરી રહ્યું છે.

# VAPI ACCIDENT

વલસાડમાં એક માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ નવિન પટેલ જણાવે છે, વાપીની ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ- G.I.D.C. ચાર રસ્તા પાસે રિક્ષા અને ટ્રેલર વચ્ચે અકસ્માત થતાં રિક્ષાચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે. જ્યારે રિક્ષામાં સવાર પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

રિક્ષાચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હોવાનું જણાયું હતું. G.I.D.C. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.